Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

RNI રજી. બાદ વર્ષ : ૧૮ • અંક : ૦૫ • તા. ૩૧ જાન્યુઆરી થી ૦૬ ફેબ્રુઆરી - ૧૫ • વાર્ષિક લવાજમ રૂ. ૫૦ • Postal Reg. No. MCE / 53 / 2015 - 2017

જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

Estd. 1954

61

દ્વારા આયોજિત **વાર્ષિક ઉત્સવ** રવિવાર, તા. ૧૮.૦૧.૨૦૧૫

2 જલસો The Magic of KDO's Talent

માં ૪૫૦ થી વધુ સ્પર્ધકો (ઉંમર ૩ થી ૭૨ વર્ષ) એ ઉત્સાહભેર ભાગ લીધો
અને ૪૦૦૦ થી અધિક જ્ઞાતિજનોએ નિહાળ્યું





# જલસો 2

**વિવિધ સ્પર્ધાઓમાં**
**સ્પર્ધકો અને વિજેતાઓની ઝલકો...**






















જ્ઞાતિની એક માત્ર પ્રવૃત્ત યુવા સંસ્થા

## શ્રી કચ્છી દશા ઓશવાલ વિદ્યાર્થીસંઘ-મુંબઇ

દ્વારા આયોજિત **વાર્ષિક ઉત્સવ**

**on Sunday, 18th January 2015**

# જલસા 2 The Magic of KDO's Talent

K.D.O. STUDENTS ASSOCIATION ESTD : 1954

61 Shree KDO Students Association

### જલસા ૨ અહેવાલ...

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ – મુંબઇ દ્વારા આયોજીત જલસા–૨ ૨૦૧૫ ધી મેજીક ઓફ કે.ડી.ઓ. ટેલેન્ટ રવિવાર, તા. ૧૮.૦૧.૨૦૧૫ ના સાંજે અનંતનાથ કોમ્પલેક્સ ગ્રાઉન્ડ ખાતે યોજાયો હતો.

આ કાર્યક્રમનો શુભારંભ શ્રી નરશી નાથા તથા સરસ્વતી દેવીને હાર ચડાવી દાતાશ્રીઓ, મહાનુભાવો અને શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના પ્રમુખ શ્રી અનુજ લોડાયા તથા આમંત્રિત મહેમાનોના કર કમલો દ્વારા કરવામાં આવ્યો. દીપ પ્રજ્વલ્લન કર્યા બાદ જલસા–૨ ના કાર્યક્રમની શુભ શરૂઆત થયેલ.

જલસા–૨ નામને સાર્થક કરતાં આ કાર્યક્રમમાં નૃત્ય–નાટિકા, ફેશન શો, વાદ્ય–વાદન, નવરંગી સાડી સ્પર્ધા, નાના બાળકો માટે ફેન્સી ડ્રેસ, સોલો ડાન્સ, ગ્રુપ ડાન્સ અને યુવાનો ને આકર્ષે એવા વોટસ એપ વૉર સ્પર્ધાઓ તેમજ શૈક્ષણિક બહુમાન વગેરે કાર્યક્રમો યોજવામાં આવેલ. આ સ્પર્ધામાં ૩ વર્ષથી ૭૨ વર્ષ સુધીના ૪૫૦ થી વધુ સ્પર્ધકોએ પોતાનું ટેલેન્ટ (કૌશલ્ય) બતાવેલ. હમ ભી કિસી સે કમ નહી. એવા આપણા જ્ઞાતિજનોએ નવા નવા કાર્યક્રમો બતાવી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ બનાવી દીધા હતા. ૪૦૦૦ થી વધુ જ્ઞાતિજનો એ આ કાર્યક્રમ માં હાજરી આપી હતી. સોના હૈયા હરખના હિલોળે ચઢતાં વાહ ! વાહ !! અને તાળીઓના ગડગડાટ વચ્ચે સ્પર્ધકોને પ્રોત્સાહન આપ્યું હતું. મુંબઇ, ઘાટકોપર, મસ્જીદ બંદર, ભાંડુપ, કાંજુરમાર્ગ, મુલુંડ અને ડોંબિવલી અને અન્ય પરાં વિસ્તારના જ્ઞાતિજનો આ કાર્યક્રમમાં સહભાગ લીધેલ.

જલસા–૨ કાર્યક્રમનું સંપૂર્ણ સંચાલન કરનાર શ્રી રસિક મહારાજ જેઓ કચ્છ–ભુજ થી પધારેલ હતા. તેમણે પોતાનો રસિક શૈલી માં જ્ઞાતિજનોનું હૈયું હરખથી છલકાવી દીધું હતું. તેમના હાસ્યાસ્પદ વાતો સાંભળવાની પણ મજા પડેલ તેમજ રસિકભાઇ ને સાથ આપનાર વિદ્યાર્થીસંઘ ના કન્વીનર શ્રી રાજન લોડાયા એ સુંદર શૈલીમાં કાર્યક્રમનું સુત્ર સંચાલન કરેલ. સહ કન્વીનર શ્રી તેજસ ખોના એ પણ સંચાલનમાં સાથ સહકાર આપેલ. તેમજ શૈક્ષણિક તથા સહભાગી સ્પર્ધકોની વ્યવસ્થા કુ. મિત્તલ ધરમશી, કુ. નિકીતા મૈશેરી, કુ. ઉર્વી લોડાયા અને ધર્મીતા અનુજ લોડાયાએ કરેલ.

જલસા–૨ કાર્યક્રમમાં ચાર ચાંદ લગાડનાર એવા અતિથી વિશષ શ્રી જયંત ભવાનજી સોની, શ્રી જયંત લક્ષ્મીચંદ લાપસીયા, શ્રી શૈલેષ સનત શાહ, શ્રી ક.દ.ઓ. મુંબઇ મહાજનના પ્રમુખ – શ્રી નયન ભેદા, ઉપપ્રમુખ – શ્રી પારસ મૈશેરી, શ્રી સંજય અજાણી, માનદ્‌મંત્રી – શ્રી ચેતન મોતા, શ્રીમતી રાજુલબેન ભદ્રેશ પટેલ, શ્રી અખિલ ભારત અચલગચ્છ જૈન સંઘના પ્રમુખ શ્રી શામજીભાઇ દંડ, માનદ્‌મંત્રી શ્રીકલ્પેશભાઇ મોતા, શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના પ્રથમ પ્રમુખ શ્રી શીવજી કુંવરજી વિકમશી, શ્રી ક.દ.ઓ. સમસ્ત મહાજન વતી શ્રી ચીમનભાઇ મોતા. શ્રી કિરીટભાઇ લાપસીયા તથા શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા, શ્રીમતી દમયંતી ચાંપશી શાહ (લોખંડવાલા), શ્રી ભુપેન્દ્ર દંડ (ભૂમિરાજ ગ્રુપ), શ્રી રાજેશ લોડાયા, શ્રી હીરાચંદ દંડ, શ્રી મોતીચંદ ખોના, શ્રીમતી કવિતાબેન અને શ્રી કલ્પેશ ધરમશી, શ્રી ભદ્રેશ પટેલ, શ્રી જયેશ જૈન, શ્રી પ્રવિણ લોડાયા, શ્રી કુલીનકાંત લુઠીયા (માનવ જ્યોત), શ્રી નરેશ મોમાયા, શ્રી મધુકાંત ખોના (શ્રી વીરજી લધાભાઇ વિદ્યાર્થીગૃહ–પદાધિકારી), શ્રી ક.દ.ઓ. મુંબઇ મહાજન અને શ્રી અનંતનાથ ટ્રસ્ટના પદાધિકારીઓ શ્રી રાજેશ છેડા, શ્રી કુમાર દંડ, શ્રી અરવિંદ લોડાયા, શ્રી વીરેન્દ્ર લોડાયા, શ્રીમતી ચાંદની પરેશ લાલકા, શ્રી તેજપાલ ધરમશી, શ્રી કલ્પેશ મોમાયા, શ્રી અમિત ધુલ્લા, શ્રી મુકેશ શિયાલ, શ્રી સંજય લોડાયા તેમજ મહાજનશ્રીના અન્ય પદાધિકારીઓ, શ્રી ક.દ.ઓ. ડોંબિવલી મંડળના માનદ્‌મંત્રી શ્રી હરીશ શિયાલ તેમજ પદાધિકારીઓ, શ્રી અનંતનાથ કોમ્પલેક્સ (કાંજુરમાર્ગ) વતી શ્રી ચેતન નાગડા અને પદાધિકારીઓ, શ્રી ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા વતી શ્રી ચંદ્રસેન મોમાયા, શ્રી ક.દ.ઓ. ડોંબિવલી જ્ઞાતિદીપ વતી શ્રીમતી ઉર્મીલાબેન લાલકા આદિ અને

**જલસા–૨ સમગ્ર કાર્યક્રમની ઝલકોની તસ્વીરો... પ્રથમ કવર પાન, દ્વિતીય અને છેલ્લું કવર પાન**

અન્ય મહાનુભાવો...

જલસા-૨ કાર્યક્રમને સફળ બનાવનાર દાતાશ્રી પરિવાર શ્રી ઉદય કિરીટ લાપસીયા પરિવાર, શ્રી જયંત ભવાનજી સોની પરીવાર, માતુશ્રી તારાબાઇ માણેકજી મોતા પરિવાર, માતુશ્રી ચંપાબાઇ હંસરાજ ડાઘા પરિવાર, શ્રી ચાંપશી શાહ પરિવાર, માતુશ્રી ધનલક્ષ્મીબેન ચંદ્રકાન્ત લોડાયા પરિવાર, શ્રીમતી મીનાબેન ચીમનભાઇ મોતા, શ્રીમતી નીતા દેવેન્દ્ર ધરમશી પરિવાર, શ્રીમતી કલ્પનાબેન શામજી દંડ, શ્રીમતી ડિમ્પલ સમીર દંડ, શ્રી અમિત મોમાયા પરિવાર, શ્રીમતી અમિતાબેન મોમાયા (ભલારા ઇસ્ટેટ એજેન્સી ગ્રુપ વતી), શ્રી સર્વે દાતાશ્રી પરિવાર...

જલસા-૨ કાર્યક્રમમાં શ્રી વિદ્યાર્થીસંઘ ના પ્રમુખ શ્રી અનુજ લોડાયા પોતાના મનોગત માં દાતાશ્રીઓ, મહાજનો, મંડળ, જ્ઞાતિ મુખપત્રો, મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, સર્વે કાર્યકર્તાઓનો, સ્પર્ધકોનો, વિદ્યાર્થીસંઘના સભ્યો, પધારેલ સર્વે જ્ઞાતિજનોનો આભાર પ્રગટ કરેલ તેમજ યુવાઓ અને ગૃહિણીઓ જ્ઞાતિ સેવા માટે વિદ્યાર્થીસંઘ સાથે જોડાઇ જ્ઞાતિની એકતા માટે હાકલ કરેલ. શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘના માનદ્‌મંત્રી શ્રી ઉર્મિન લોડાયા, શ્રી સંઘની પ્રવૃત્તિઓનો અહેવાલ આપેલ.

જ્ઞાતિજનોને અલ્પાહાર પીરસનાર પરફેક્ટ કેટરર્સ, ડી. જે. ઢાસુ દ્વારા સંગીતની મહેફિલ જમાવવામાં આવેલ. સુંદર કાર્યક્રમને કેમેરામાં કંડારનાર ભલારા ફોટો-શ્રી ભરત લોડાયા (મુલુન્ડ), પ્રિન્ટ અને ડિસ્પ્લે માટે અવની પ્રિંટ કેર-જીજ્ઞેશ ચંદ્રકાન્ત લોડાયાનો શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ આભાર માને છે.

કાર્યક્રમમાં વિજેતા સ્પર્ધકોને ઇનામો અને ટ્રોફી આપવામાં આવેલ. તેમજ શૈક્ષણિક માં પ્રથમ અને દ્વિતીય વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ટ્રોફી આપી પ્રોત્સાહીત કરેલ. આ કાર્યક્રમના આયોજનથી પ્રભાવિત થયેલ શ્રી ધીરેન ચંદ્રકાન્ત લોડાયા (વારાપધર-વાપી) શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ દ્વારા આયોજિત જલસા-૩ ના આયોજન માટે રૂા. ૧,૧૧,૧૧૧/- ના રકમ ઘોષિત કરેલ.

જલસા-૨ કાર્યક્રમને સુંદર રીતે સફળતાના શિખરે પહોંચાડનાર પ્રમુખશ્રી અનુજ ગીરીશ લોડાયા, ઉપપ્રમુખ - શ્રી મયંક જીતેન્દ્ર મોમાયા, માનદ્‌મંત્રી શ્રી ઉર્મિન જયેશ લોડાયા, ખજાનચી - શ્રી હેમીલ જયેશ દંડ, કન્વીનર શ્રી હિતેન (રાજન) લોડાયા, કો.કન્વીનર - કુ. મિત્તલ તીલેશ ધરમશી, શ્રી તેજસ મહેન્દ્ર ખોના, શ્રી શુભમ મહેન્દ્ર લાપસીયા, શ્રી દિવેશ યોગેશ લોડાયા, શ્રી સમીર શામજી દંડ, ધર્મીતા અનુજ લોડાયા, શ્રી કરણ મુલરાજ છેડા, કુ. ઉર્વી નીરેન લોડાયા, અન્ય પદાધિકારીઓ, હિત ચિંતકો અને નીચે મુજબ સંપર્ક સભ્યો ..

| | | |
|---|---|---|
| અર્પણ ફાલ્ગુન ખોના | હર્ષ વિજય મૈશેરી | મિતલ રતીલાલ નાગડા |
| નીરવ મહેન્દ્ર મોતા | શ્રીમતી ભૈરવી ભરત લોડાયા | હીના ભરત મોમાયા |
| ઉદય મહેન્દ્ર મોમાયા | નિકિતા નરેશ મૈશેરી | ફોરમ હીરેન ધરમશી |
| હર્ષિતા ગુલાબ પોલડીયા | લબ્ધી નિરેન લોડાયા | જીનલ હીરાચંદ છેડા |
| ઉષ્મા અશોક ડાઘા | સિદ્ધિ નીતીન લોડાયા | રાકેશ અભય મૈશેરી |
| શ્રીમતી લીના હિતેન લોડાયા | પુજા મુકુલ ધરમશી | રિષભ નીતીન મોતા |
| અભય અશોક લાપસીયા | નિતી હિરાચંદ મૈશેરી | જૈનિશ જયેશ ધરમશી |
| પ્રતિક દિનેશ લાલકા | નિકીતા ભાવેશ લોડાયા | પ્રતિક હરીશ સાયલા |
| ફોરમ રમેશ લાલકા | કિંજલ ભાવેશ લોડાયા | રિષી જગદીશ લોડાયા |
| પુજા નિતીન લોડાયા | વિપુલ પુનમચંદ સોની | ધાર્મિલ વિરેન નાગડા |
| જલ્પા પ્રફુલચંદ મોમાયા | સૃષ્ટી કિરીટ લોડાયા | નિલીમા અશોક મુનવર |
| કેવલ અભય ધરમશી | બીના નિલેશ મૈશેરી | ડિમ્પલ અશોક મુનવર |
| ઉર્વેશ ભરત છેડા | ધારીકા જિતેન ધરમશી | અંકીત તિલકચંદ લોડાયા |
| રાજ રોહિત જીવાણી | આરૂષી હરીશ શીચાળ | ઉમંગ વિમલેશ માલદે |
| ફોરમ ઉદય નાગડા | મૈત્રી ખિરેશ ધ્રોલ | જીગર નીતીન ધરમશી |
| એકતા ઉદયન લોડાયા | | |

શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થી સંઘ હવે થશે **ગ્લોબલ**

**શ્રી સંઘના શ્રી હેમિલ જયેશ દંડ અને શ્રી હર્ષ વિજય મૈશેરી દ્વારા તૈયાર કરવામાં આવેલ**

**શ્રી ક.દ.ઓ. વિદ્યાર્થીસંઘ-મુંબઇ ની વેબ સાઇટ www.kdovs.com**

**આદ્યતંત્રીઓ**
**''પ્રકાશ''**
ડૉ. વેલજી પાર્શ્વીર ગોસર
**''સમીક્ષા''**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**''પ્રકાશ સમીક્ષા''**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
સહ તંત્રી :
ચંદ્રસેન મોમાયા
મો. 9324618606

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશમીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**અંક નં. 05/2015**

**: કાર્યાલય :**
પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું
**C/o. Shri. R. R. Nagda,**
**Advocate High Court**
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr. Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

ચાલુ અંક માટે મેટર
સ્વીકાર માત્ર બુધવાર સુધી

પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....
www.prakashsamiksha.com
E-mail : kdoprakash@gmail.com

નોંધ : આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઇ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઇ જવાબદારી નથી.

*તંત્રી સમીપે*

# જ્ઞાતિના વંચિત પરિવારોને તાત્કાલિક થાળે પાડી શકાય તેમ છે

જ્ઞાતિના અકિંચન અને નિમ્ન મધ્યમવર્ગના કુટુંબો માટે અન્ય સર્વ જ્ઞાતિજનો અને જ્ઞાતિ અગ્રણીઓ પુરતી અનુકંપા અને સહાનભુતિ ધરાવે છે અને તે માટે પોત પોતાની રીતે શક્યતઃ સહાય અને અનુદાન આપતા રહે છે તે વિષે બેમત હોઈ શકે નહીં તે જેટલી સ્પષ્ટ હકીકત છે તેટલી જ નિર્વિવાદ હકીકત એ છે કે આવા છેવાડે અને કમનસીબ પરિસ્થિતિમાં મૂકાઈ ગયેલા પરિવારો માટે ખાસ કરીને રહેઠાણ બાબતની સમસ્યા કઈ રીતે ઉકેલી શકાય તે અંગે જ્ઞાતિજનો અને અગ્રણીઓ જુદી જુદી દિશાઓમાં આંગળીઓ ચિંધી રહ્યા છે.

એ સ્વભાવિક છે કે આવી રહેઠાણ બાબતે નિઃ સહાય બની ગયેલા જ્ઞાતિ કુટુંબો વિષે ચર્ચા - વિચારણા થાય ત્યારે મુંબઈમાં વસતા તેવા જ્ઞાતિજનો પરત્વે સૌથી પહેલાં લક્ષ્ય અપાય છે.

મુંબઈમાં વિઠ્ઠલવાડી, અંબરનાથ, બદલાપુર, નાલાસોપારા, વિરાર અને ડોંબિવલી સુધ્ધાંમાં પણ આવા સેંકડો પરિવારો ઝુંપડપટ્ટી જેવા વિસ્તારોમાં ગંદા, સ્વાસ્થ માટે હાનિકારક અને અસામાજિક તેમજ અસુઘડ અને વિપરીત ધર્મ - સંસ્કાર ધરાવતા પરિવારો વચ્ચે કાચા, પતરાંની દિવાલો ને છતો ધરાવતા ઘરોમાં વસવાટ કરી રહ્યા છે અને તેમનાં બાળકો - કિશોરો નિમ્નકક્ષાની શાળાઓમાં પ્રાથમિક કે માધ્યમિક શાળાઓમાં ન છુટકે અભ્યાસ કરી રહ્યા છે તેવા દૃશ્યો અને પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ કેટલા જ્ઞાતિ અગ્રણીઓને થયો છે તેમની સંખ્યા ગણવા માટે એક હાથની આંગળીઓના વેઢા વધુ થઈ પડે તેમ છે તે હકીકતને ફક્ત શોચનીય ગણાવીને મુખ્ય મુદ્દા પર પૂર્ણવિરામ મૂકી શકાય તેમ નથી જ્યારે આ અગ્રણીઓ, પદાધિકારીઓ અને તેમની સાથે જોડાતા ઉચ્ચ મધ્યમવર્ગીય જ્ઞાતિજનો જ્ઞાતિના વિવિધ એકમો, મહાજનો અને વતનનાં ગામોનાં એક યા બીજા કાર્યક્રમોમાં અને ધાર્મિક અયોજનોમાં લાખોની ઉછામણીઓ અને શોભાયાત્રા જેવા મસમોટા પ્રદર્શનોમાં બેફામ ખર્ચાઓનો દોર છૂટો મૂકી દેતા હોય છે.

આપણી આ માંદી માનસિકતાને ત્યજવા અને જ્ઞાતિ કાર્યક્રમોનું સમુચિત મર્યાદામાં આયોજન કરવા માટે ખાસ કરીને મુંબઈમાં બદલાયેલી પરિસ્થિતિમાં જ્ઞાતિ આગેવાનો અને અધિકારી વર્ગને મક્કમ નિર્ધાર કરવા સિવાય વિકલ્પ રહેશે નહીં તેવા સંજોગો આવનાર બે - ત્રણ મહીનામાં પડકારરૂપ બનશે ત્યારે જ્ઞાતિના આ કમનસીબ પરિવારો માટે સારા પ્રમાણમાં રાહતરૂપ બને તેવાં પગલાં લેવાની શક્યતા ઉજળી બની છે.

આ બાબતે, સૌ પ્રથમ, ગત વર્ષે 'અનંતછાયાની' કોર્ટ કાર્યવાહીમાં મુંબઈ હાઈકોર્ટે આપેલ ચુકાદો પ્રસ્તુત બને છે.

છેક ૧૯૬૦ - ૬૧માં જ્ઞાતિના આર્થિક રીતે નબળા પરિવારો માટે રહેણાકની સુવિધા પૂરી પાડવા બાબતે. અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓને

જમીન લેવા માટે ફરજ પાડવા લગભગ ૩૦૦ જેટલા જ્ઞાતિજનોએ મુંબઈ મહાજનની રીક્વીઝીશન સભા બોલાવી યોગ્ય ઠરાવ પસાર કરાવ્યો હતો તેના અનુસંધાનમાં તે વખતના ટ્રસ્ટીઓએ ટ્રસ્ટની સ્કીમની કલમ ૧૯ (ઓ) ના અનુરૂપમાં ''ગરીબ જરૂરિયાતમંદ'' જ્ઞાતિજનોને ''ઓછા ભાડેથી'' રહેઠાણ ઉપલબ્ધ કરી શકાય તે હેતુસર ઘાટકોપર ખાતેની જમીન ખરીદવા નિર્ણય લીધો હતો અને મુંબઈ મહાજન અને ચેરીટી કમીશ્નરની મંજુરીઓ લીધા પછી, હાલની 'અનંતછાયાની' જમીન પ્રાપ્ત કરી હતી અને તે પછી બાંધકામ થયા બાદ રહેઠાણના ફલેટો જ્ઞાતિજનોને ભાડે અપાયા હતા.

ત્રણેક વર્ષ પહેલાં વર્તમાન ટ્રસ્ટબોર્ડે અનંતછાયાના વેચાણ બાબતે પરવાનગી મેળવવા ચેરીટી કમીશ્નર સમક્ષ અરજી કરી હતી તેને પડકારવા ડો. શ્રીમતી લક્ષ્મીબેન ખોના અને ચંદ્રસેન મોમાયાએ જે કાર્યવાહી કરી હતી તે દરમ્યાન તેમણે ઘણી મહેનત કરીને મેળવેલ ૧૯૬૧ - ૬૨ની દરમ્યાનના મુંબઈ મહાજનના ઉક્ત ઠરાવો અંગે અને પરવાનગીઓ બાબતે આવશ્યક સાહિત્ય ચેરીટી કમીશ્નર સમક્ષ રજુ કરીને અનંતછાયાની મિલકતનો ઉપયોગ ઉપરોક્ત કલમ ૧૯ (ઓ) અનુસાર કરવાનો હોવાથી વેચાણને અમાન્ય ઠેરવવા અનુરોધ કર્યો હતો તે સંદર્ભે ચેરીટી કમીશ્નરે પોતાના ચુકાદામાં ભલે પર્યાપ્ત નોંધ લીધી ન હતી પરંતુ તે પછીની હાઈકોર્ટની ઉક્ત કાર્યવાહીમાં રીટ પીટીશનકર્તાઓએ ન્યાયમુર્તિ સમક્ષ ઉક્ત મુદ્દે એટલે કે ગરીબ જરૂરિયાતમંદ જ્ઞાતિજનોને ઓછે ભાડે રહેઠાણ આપવાનો ઉદ્દેશ સચવાય તે અંગે ભારપૂર્વક રજુઆત કરી હતી તેને અનુલક્ષીને પોતાના ચુકાદામાં ન્યાયમુર્તિએ એક નવો ચીલો પાડતો દૃષ્ટિકોણ અપનાવતાં નિરીક્ષણ કર્યું હતું કે સંબંધિત મિલકત જે ઉદ્દેશ્ય માટે પ્રાપ્ત કરાઈ હોય તે ઉદ્દ્શ્યને બર લાવવા માટે યોગ્ય સંજોગોમાં તે જ મિલકતનો ઉપયોગ થાય તે જરૂરી નથી પરંતુ તેવી મિલકતમાંથી વેચાણ જેવા કરારથી ઉત્પન્ન થતી કિંમત કે ફંડનો ઉપયોગ તે ઉદ્દેશ્ય હાસલ કરવા અન્ય મિલકત પ્રાપ્ત કરીને કે અન્ય રીતે કરાય તો તે પણ યથાયોગ્ય છે.

સંભવ છે કે હાઈકોર્ટના ઉક્ત દૃષ્ટિકોણને અનુલક્ષીને વર્તમાન ટ્રસ્ટબોર્ડે દોઢેક વર્ષ પહેલાં જ્ઞાતિના આર્થિકપણે નબળા વર્ગની રહેઠાણ સમસ્યા હલ કરવાના પ્રયાસરૂપે ડોંબીવલીની હોપ ૧૦૦૦ની જમીનમાં સહયોગી થવા અનંતછાયાના વેચાણ કિંમત પેટે મળેલ રકમના વ્યાજમાંથી ૧૪ કરોડની ફાળવણી કરી હતી પરંતુ તે અંગેના પ્રસ્તાવિત એમ.ઓ.યુની કલમોમાં હોપ - ૧૦૦૦ના સંચાલકો સાથે સમજુતી ન થતાં તે રકમ કે તેનો મોટો અંશ ટ્રસ્ટ પાસે અનુપયોગી ઉપલબ્ધ રહી જવા પામ્યો છે.

અલબત્ત, હોપ - ૧૦૦૦ના સંચાલકોએ તે પછી એક અન્ય અગ્રગણ્ય અને પ્રતિષ્ઠિત જ્ઞાતિજન દ્વારા ઉક્ત ૧૪ કરોડ જેટલી રકમના સહયોગ અંગે આવેલ પ્રસ્તાવ માટે વાટાઘાટો કરી હતી પરંતુ એકાદ મહીના પહેલાં આ પ્રસ્તાવ પર પણ પૂર્ણ વિરામ મૂકાઈ ગયું છે અને હવે હોપ - ૧૦૦૦ની જમીન બાબતે પ્લોટ ધારકો અને સંચાલકો કોઈ નક્કર નિર્ણય લે તેનો અનિશ્ચિતપણે લાંબો સમય લાગી શકે તેમ છે તે દૃષ્ટિએ જ્ઞાતિની રહેઠાણ સમસ્યાના તાત્કાલિક નિરાકરણ અંગે 'હોપ-૧૦૦૦'ની જમીન પર હાલ તુરત મદાર બાંધી શકાય તેમ નથી.

આમ, એક બાજુ જ્ઞાતિના લગભગ ૨૫૦ કુટુંબો અત્યંત દયનીય પરિસ્થિતિમાં વસવાટ કરી રહ્યા છે ત્યારે તેમને તાત્કાલિક રીતે રાહત અપાવી શકાય તે બાબતે આ એપ્રિલથી અખત્યાર સંભાળનાર અને પોતે જ્ઞાતિ ગરિમાને શિરમોર સ્થાન અપાવવા કટિબધ્ધ છે તેવો પડકાર ઝીલવા તત્પર ગરિમા પેનલના નવનિર્વાચિત અનંતનાથજી ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના સભ્યો અને ચોક્કસપણે કો - ઓપ્ટ થનાર કે નિમણુક થનાર ટ્રસ્ટીઓ અને અધિકારીઓ અત્યારથી જ સક્રિય વિચારણા કરી યોગ્ય પગલાં લેશે તે પ્રકારની અપેક્ષાઓ ગતિમાન થઈ છે.

આ માટે, આવા વિકટ પરિસ્થિતિમાં રહેતા જ્ઞાતિ પરિવારોને ડોંબિવલી, ઠાકુર્લિ, કોપર, દીવા, નાલાસોપારા, વિરાર વિગેરે તેમની પસંદગી પ્રમાણેના પરાંઓમાં ઠીક ઠીક સારા કહી શકાય તેવા વિસ્તારોમાં ત્રણેક વર્ષ માટે લીવ લાયસન્સલથી ફલેટો અપાવી શકાય તે બાબત પ્રસ્તુત બની છે.

મુંબઈ પબ્લીક ટ્રસ્ટના કાયદા મુજબ ટ્રસ્ટીઓએ નાણાકીય વર્ષના પ્રારંભ પહેલાં

સંબંધિત ટ્રસ્ટનું અંદાજપત્ર બનાવી ચેરીટી કમીશનરને મોકલવાનું રહે છે. એ રીતે આગામી મુંબઈ મહાજનના અધિકારીઓ અને અનંતનાથજી ટ્રસ્ટના આગામી ટ્રસ્ટબોર્ડે પણ એપ્રિલ અંત સુધીમાં ટ્રસ્ટના ફંડોની સર્વગ્રાહી વિચારણા કરી આ વર્ષનું અંદાજપત્ર તૈયાર કરવાનું થશે ત્યારે તેઓ આર્થિક રીતે નબળા જ્ઞાતિજનોને રહેણાકની સુવિધા મળે તે દૃષ્ટિએ હાલ તુરત ૨૦૦ જેટલા જ્ઞાતિ પરિવારોને માસિક અંદાજિત પાંચ - સાત હજારના કોમ્પનશેસન (ભાડા)ની ગણતરીએ બાર - પંદર લાખ એટલે વાર્ષિક દોઢેક કરોડ જેટલા ફંડની ફાળવણી કરશે તો આ જુન મહિનાથી શરૂ થતા નવા શૈક્ષણિક વર્ષ પહેલાં જ ૨૦૦ - ૨૫૦ કુટુંબોને સારા વસવાટ આપી શકાશે અને જ્ઞાતિની રહેઠાણ સમસ્યાના ઉકેલની દિશામાં એક નવતર પ્રયોગ કરી તેનાં લેખાં - જોખાં જ્ઞાતિ સમક્ષ મૂકી શકશે.

ત્રણ - ચાર મહીના પહેલાં ભલારા દાદા ટ્રસ્ટના વહીવટકર્તાઓએ આ રીતે લીવ - લાયસન્સથી ભાડે મેળવેલ ફલેટોમાં જ્ઞાતિ કુટુંબોને વસાવી શકાય તેવું સૂચન, જ્ઞાતિ માટે વિવિધ યોજનાઓની રૂપરેખા આપતા તેમના અકે વિસ્તુત પરિપત્રમાં જ્ઞાતિજનો સમક્ષ મૂકેલું અને તે અંગે પ્રતિભાવો પણ આમંત્ર્યા હતા પરંતુ બહુસંખ્ય જ્ઞાતિજનોએ એ બાબત પોતાના વિચારો વ્યક્ત કર્યા ન હતા. શક્ય છે કે ભલારા દાદા ટ્રસ્ટના ઉક્ત વિસ્તુત પરિપત્રમાં અનેક પ્રસ્તાવોનો સમાવેશ થયેલો તેથી જ્ઞાતિજનોને ઉક્ત સૂચન અંગે કોઈ નક્કર ભૂમિકાની શક્યતાનો અહેસાસ ન થયો હોય.

એ જે હોય તે, આ નવતર પ્રયોગ માટે, પ્રાથમિક ધોરણે હાથવગી થઈ શકે તેવી માહિતી વર્તમાન ડોંબિવલી મંડળના સંચાલકો પાસે છે, જેમણે ડોંબિવલી ઉપરાંત આવા દૂરના પરાઓમાં ઉપેક્ષિત અને માનવ જીવન માટે સર્વથા પ્રતિકૂળ સંજોગોમાં વસતા આપણા જ્ઞાતિજનો અંગે એકાદ વર્ષ પહેલાં સર્વે કરીને તે બાબતે પૂરતી માહિતી મેળવેલ તેનો ઉપયોગ કરી અથવા ફરીથી એકવાર છેલ્લામાં છેલ્લી પરિસ્થિતિની માહિતી મળે તે માટે ડોંબીવલી મંડળના અધિકારી વર્ગ અને મુંબઈ મહાજનની વ્યવસ્થાપક સમિતિના નવનિર્વાચિત સભ્યો અને તેમનું નેતૃત્વ સંભાળતા અગ્રણીઓએ બે - ત્રણ સપ્તાહમાં સરવે કરીને આવશ્યક માહિતી ભેગી કરશે તો અનંતનાથજી ટ્રસ્ટના અને મુંબઈ મહાજનના સૂચિત અંદાજપત્રોમાં, આ હેતુસર વાર્ષિક એકાદ દોઢ કરોડ જેટલી રકમની જોગવાઈ કરી શકશે, જે માટે તેઓ અનંતછાયાની ઉક્ત વેચાણ કિમંત પરના વ્યાજની આવકનો આંશિક ઉપયોગ અને બાકીની રકમ માટે આર્થિક અનુદાન આપતા જ્ઞાતિજનોને અને ખાસ કરીને વિવિધ કાર્યક્રમો અને પ્રવૃતિઓમાં મોટા અનુદાનો આપતા જ્ઞાતિ અગ્રણીઓને આવા અક્ષમ જ્ઞાતિ કુટુંબોને યોગ્ય રહેણાકમાં વસવાટ અપાવવાના આ સર્વાધિક જરૂરી ઉદ્દેશ્ય માટે શક્યતઃ વધુ અનુદાન આપવા આગ્રહ કરી શકશે.

જ્ઞાતિના વંચિત બાળકો - કિશોરો, કિશોરીઓ અને યુવા - યુવતીઓને સ્વાસ્થ્યપ્રદ વાતાવરણમાં અને સંસ્કારી પડોશમાં તેમજ પ્રમાણમાં માફકસરના બાંધકામવાળા ફલેટોમાં રહેણાક સાથે સુયોગ્ય શાળાઓમાં શિક્ષણ મેળવવાની સુવિધા પૂરી પાડવાની સૌથી મુખ્ય જવાબદારી જ્ઞાતિએ અદા કરવાની છે. એ માટે, હોપ - ૧૦૦૦ ની ડોંબીવલીની જમીન કે અન્યત્ર ત્રણેક વર્ષ સુધીપણ કદાચિત સંભવિત ન બને તેવા પ્રકલ્પોની રાહ જોઈ શકાય નહીં. તેનું મુખ્ય કારણ એ છે કે આવા આર્થિકપણે પછાત જ્ઞાતિકુટુંબોના બાળ કિશોર - યુવતીઓનો બે - કે વધુ વર્ષ લગી ગંદા - ગોબરા ઝુંપડા કે પતરાંના ઘરોમાં અને અસંસ્કારી વાતાવરણમાં રહેણાક ચાલુ રાખવો એ આપણા બહુસંખ્ય સાધન - સંપન્ન જ્ઞાતિજનોની સંસ્કારિતાનો સમૂળગો છેદ ઉડાડી દેતું લાંછન જ્ઞાતિએ હવે સત્વરે ભૂંસવું જ પડશે.

આશા રાખીએ કે આવનારા એકાદ - બે મહીનામાં અનંતનાથજી ટ્રસ્ટ અને મુંબઈ મહાજનના નવનિર્વાચિત ટ્રસ્ટીઓ - સભ્યો જ્ઞાતિના આર્થિક સ્ત્રોતોનો જરા પણ વેડફાટ કર્યા વિના તેનો વિવેકપૂર્ણ ઉપયોગ કરવા કટિબદ્ધ બનશે જેથી એક રીતે જ્ઞાતિથી અલિપ્ત થઈ ગયેલા આ સેંકડો વંચિત જ્ઞાતિ કુટુંબો જ્ઞાતિ પ્રવાહમાં ફરીથી સુખ - સમાધાન પૂર્વક સમ્મિલિત થઈ શકે.

**- ૨l.**

## દેશની ગઈ કાલ અને આવતી કાલ - એક સ્ત્રીની નજરે

**વનિતા**



**વિશ્વ**

વિશ્વના સૌથી મોટા ગણતંત્રમાં જન્મ થયો છે મારો આજથી અડતાલીસ વર્ષ પહેલાં. આ અડતાલીસ વર્ષોના પ્રવાસ દરમિયાન મેં આ દેશને ઊછરતો - વિકસતો, બદલાતો જોયો છે. દૂરદર્શનનું પહેલું બ્લેક એન્ડ વ્હાઈટ ટીવી શરૂ થયું ત્યારે આખા કુટુંબ સાથે બેસીને સાંભળેલા બાતમ્યા, રવિવારની ફિલ્મ કે ગુરુવારનું છાયાગીત અને આજે ચોવીસ કલાક ચાલતી અનેક ચેનલ્સ પર પોતપોતાના રૂમમાં જોવાતા પોતપોતાની પસંદગીના કાર્યક્રમ સુધી હું આવી પહોંચી છું ને એનીય આગળ જઈને એન્ન્ડ્રોઈડ કે આઈફોનમાં મળતા અપડેટ્સ સુધીના આ પ્રવાસમાં મેં ભારતીય ગણતંત્રને ઘણી વાર કોઈનો હાથો બનતું, ક્યારેક આપખુદ રીતે નિર્ણય લેતું, ક્યારેક કોઈકનો ન્યાય તોળતું જોયું છે - જોઈ રહી છું! આજના ભારતમાં પ્રક્ટિકાલિટી અથવા પોતાની સગવડ સૌથી અગત્યની છે. નવી પેઢી ભાગ્યે જ કોઈનો વિચાર કરતાં શીખી શકી છે... સગવડ શબ્દ ધીમે ધીમે સ્વાર્થના સ્ટેજ પર પહોંચ્યો છે ને છતાંય આજની પેઢી પાસે પ્રામાણિકતા ભરપૂર છે. પોતે જે અનુભવે છે, વિચારે છે કે જીવવા માગે છે એ વિશે નિર્દંભ છે નવી પેઢી. ૮૦ ના દાયકા પછી જન્મેલાં બાળકો ઈન્ફોર્મેશનથી છલોછલ છે, પણ ઈમોશન વિશે કન્ફ્યુઝડ છે.

ગઈ કાલનું ભારત કદાચ થોડુંક વધૂ ઈમોશનલ ભારત હતું. ફિલ્મોથી શરૂ કરીને રાજકારણ અને સંબંધોથી શરૂ કરીને સંપત્તિની ખરીદી સુધી બધું જ હૃદયથી વધુ ને મગજથી પ્રમાણમાં ઓછું વિચારવામાં આવતું. મેલોડ્રામેટિક ફિલ્મોમાં ડૂસકાં લઈને રડતી નાયિકા, પ્રજાને ઈમોશનલી બાનમાં લેતા રાજકારણીઓ... અંગત સંબંધોમાં ગમા - અણગમાથી વધુ ફરજ અને સામાજિક ઉત્તરદાયિત્વને મહત્વ આપતા માણસો, સંતાન માટે બચત કરવામાં પૈસો પૈસો બચાવીને જુવાની વેડફી દેતાં માતા - પિતા આ દેશની ગઈ કાલ હતાં. ગુજરાતી ભાષા સાથે બાળકનો પહેલો પરિચય થવો જોઈએ એમ માનીને સંતાનને ગુજરાતી મિડિયમમાં મૂકવામાં આવતું. આખુંય કુટુંબ સાથે મળીને સિનેમા અને સરકસ જોવા જતું. સાંજનું વાળુ સાથે બેસીને કરવામાં આવતું. દિલ તૂટવાના પ્રસંગોએ મુકેશનાં દર્દભર્યાં ગીતો કેસેટ પર સાંભળવાનો રિવાજ હતો ત્યારે!

બદલાતા સમય સાથે માણસ અને સંબંધો બન્ને બદલાતા ગયા.

ગણતંત્ર સામાન્ય રીતે સ્વતંત્ર નાગરિકને જન્મ આપે છે. જે વ્યક્તિ એક સ્વતંત્ર દેશમાં જન્મ લે એની પાસે સ્વતંત્ર વિચારો હોય છે. કદાચ આઝાદી પછી જન્મેલાં દરેક બાળકે પહેલો શ્વાસ સ્વતંત્ર્ય હવામાં લીધો છે. આને કારણે કદાચ એવું બન્યું છે કે બદલાતી પેઢીઓ સાથે સ્વતંત્રતાનો ખયાલ વધુ ને વધુ ઘુંટાતો ગયો છે. આજથી ચાર દાયકા પહેલાં જન્મેલી ગુજરાતી સ્ત્રી એવું સમજી શકે છે કે એના પછીનાં વીસ વર્ષે જન્મેલી ગુજરાતી યુવતી




**હિતેશ મહેતા**
**(09726486877)**

**વરાડિયાના મોમાયા પરિવારનો દોહિત્રો**

**દિવ્ય ટૂર્સ અને ટ્રાવેલ્સ**

વથાણ ચોક, જુનાવાસ
માનકુઆ, ભુજ, કચ્છ
E-mail : divyatoursNtravels@gmail.com

- **બસ, ટ્રેન અને એર ટિકિટ બુકિંગ**
- **કચ્છમાં આપની જરૂરિયાત મુજબ કિફાયતી ભાડાની કાર, LUV, ટ્રેકસ અને બસ માટે અચુક સંપર્ક કરો.**
- **કચ્છમાં રણ ઉત્સવ અને અન્ય સહેલગાહ યાત્રા માટે ટુર ઓપરેટરોનું સંપર્ક આવકાર્ય.**

**નવીન સાહસમાં સફળતા મળે એવી શુભકામના**
**વિજયાબેન મુલચંદ કેશવજી મોતા**
**(ભુલુંડ-તેરા)**

ઘણી વધુ સ્વતંત્ર અને ઘણી વધુ મુક્ત વિચારોની છે. આજથી બે દાયકા પહેલાં થયેલાં લગ્ન સુખે - દુ:ખે ટકી ગયાં છે, પરંતુ ૮૦ ના દાયકા પછી જન્મેલી પેઢી કશુંય વેંઢારવામાં નથી માનતી. સંતાન ખાતર, માતા - પિતા ખાતર કે સામાજિક પ્રતિષ્ઠાને ખાતર કંશુ પણ કરવું પડે એવું આ નવી પેઢી નથી માનતી. માતા - પિતાએ મોટાં કર્યાં માટે એમની સેવા કરવા દેશમાં રહેવું, પરદેશ ન જવું..... માતા - પિતાની પસંદગીથી જ લગ્ન કરવાં અથવા પિતાના જ બિઝનેસને સંભાળવો એવા વિચારો સાથે આજનું ભારત સહમત નથી. ઈમોશનલ બ્લેકમેઈલ કે ઈમોશનલ બાર્ટર બન્ને આ નવી પેઢીને અનુકૂળ આવતું નથી. ગઈ કાલના ઉપકારોના બોજ હેઠળ દબાઈને પોતાની આજની ઈચ્છાઓને કચડી નાખવાનું હવે ભારતને અનુકૂળ નથી કદાચ!

આજનું ગણતંત્ર કદાચ પહેલાં કરતાંય વધુ સ્વતંત્ર્ય છે, પરંતુ સ્વતંત્રતાની સાથે આવતા બીજા સવાલો પણ આ પેકેજ ડીલમાં આવે છે. જ્યારે જ્યારે સ્વતંત્રતા આપવામાં આવે ત્યારે એમાં અધિકારો તો છે જ, પરંતુ એ અધિકારી સાથે પરિણામોની પેકેજ ડીલ સામેલ હોય છે. નવી પેઢી અથવા ભારતની આવતી કાલ કદાચ આ પરિણામથી બેખબર છે. એમને ખબર નથી કે ખુલ્લી હવામાં શ્વાસ લેવામાં જેટલો આનંદ છે એટલાં જ જોખમ પણ છે. ગઈ કાલ સુધીના ભારતના સ્ત્રી કદાચ વધુ સલામત હતી. આજના ભારતની યુવતી સ્વતંત્ર તો છે, પણ સાથે જ એ હવે ઘણાં બધાં જોખમની સામે એકસ્પોઝ થઈ ગઈ છે.

ઘરમાં દાખલ થઈને અંદરથી દરવાજો બંધ કરીએ એટલે બહાર ન નીકળીએ ત્યાં સુધી આપણે સેફ છીએ - સલામત છીએ એવા ભ્રમમાં આજનું ભારત જીવી રહ્યું છે. સૌને ખાતરી છે કે જ્યુડિશિયરી સિસ્ટમ, રાજકારણ અને પોલીસ વધુ ને વધુ સરમુખત્યાર, ભ્રષ્ટ અને કામચોર પુરવાર થઈ રહ્યાં છે. નવા વડા પ્રધાન નરેન્દ્ર મોદી આ આખીય સિસ્ટમને સાફસુફ કરવાનાં કામમાં લાગ્યા છે ખરા, પણ આ સિસ્ટમને સડતાં અડસઠ વર્ષ થયા છે. ગઈ કાલના ભારત પાસે નેતા હતા. આવનારી પેઢી જેને હીરો કહી શકે એવાં નામ ગઈ કાલના ભારત પાસે હતાં. આજનું ભારત જેને હીરો કહે છે કે જ નામ ક્યારે ઉઘાડાં પડી જાય એના ભય નીચે એ પોતે જ ફફડી રહ્યાં છે.

ગઈ કાલના ભારતમાં આદરપૂર્વક નામ લઈ શકાય એવાં મધર ટેરેસા, ઈન્દિરા ગાંધી કે કિરણ બેદી હતાં. આજના ભારત પાસે પ્રિયંકા અને દીપિકા છે. આવતી કાલના ભારત પાસે શું હશે એની આપણને ખબર છે ખરી? છેલ્લાં થોડાં વર્ષમાં કાયદાએ એ માટે ઘણા દરવાજા ખોલ્યા છે. ગુજરાતનાં મુખ્ય મંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલ સ્ત્રીસંરક્ષણ અને સ્ત્રીશિક્ષણ માટે વિશેષ પ્રયાસ કરી રહ્યા છે. સ્ત્રી સ્વાતંત્ર્ય વિશે ભાષણ કરવાની એમણે હામ ભીડી છે. બળાત્કારથી શરૂ કરીને ડાવરી (દહેજ) અને ડોમેસ્ટિક વાયોલન્સ સુધીના ગુના સામે સ્ત્રીને પ્રોટેકશન આપવાનો સરકારે પ્રયત્ન કર્યો છે. પરંતુ આ કાયદા બનાવવાથી કોઈ દેખીતો ફાયદો થતો નથી.

આજની સ્ત્રી ફરિયાદ કરવા માટે પોલીસસ્ટેશન તો જાય છે, પરંતુ એને પૂછવામાં આવતા પ્રશ્નો કે એને ગૂંચવવા માટે ઊભી કરવામાં આવેલી અઘરી સિસ્ટમ એને થકવી નાખે છે. કાયદો અમલમાં આવ્યા છે, પણ એનું પાલન


ઝવેરી બજારની

જ્યોતિ

હવે માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) માં પણ...

ફેશનપ્રિય સન્નારીઓ
લગ્નસરાની સાડીઓમાં વર્ષોથી પ્રખ્યાત
જ્યોતિ સિલ્ક સાડી એમ્પોરીયમ
માટુંગા (સેન્ટ્રલ રેલ્વે) ની
મુલાકાત જરૂર લો.

• ઘરચોળા • પાનેતર બોર્ડરો
અને ડિઝાઈનર સાડીઓની લેટેસ્ટ
વેરાયટીઝ માટે પધારશો

૨૮, ગની મેન્સન, દુકાન નં-૧, અરોરા સિનેમાની
પાછળ, માટુંગા (સે.રે), કિંગ સર્કલ, મુંબઈ - ૧૯

૧૩૪/૩૬, બીજે માળે, ઝવેરી બજાર, ખારાકુવા
સામે, મુંબઈ - ૦૨ ટેલી : 22413995/22402786

• માટુંગા 24043995 • ઝવેરી બજાર 22413995
કિશોર પોલડીયા 9322258574

કરનારી સિસ્ટમ એ જ છે, જે સ્વતંત્રતા મળી એ પહેલાં હતી! એક મુખ્ય પ્રધાન એકલા હાથે ક્યાં ક્યાં પહોંચી શકે એ પ્રશ્ન પણ અગત્યનો છે ને આ સિસ્ટમ કદાચ હજી સુધી સ્ત્રીને સત્તા પર, સફળ કે સ્વતંત્ર જોવા ટેવાઈ નથી! સ્ત્રીનો વૉટિંગનો અધિકારી છે - એ નાગરિક છે, પરંતુ એના નાગરિકત્વનું સન્માન ક્યારેક તો એ પોતે પણ નથી કરતી ને આ સ્થિતિ બદલાઈ નથી હજુય આ દેશમાં.

એક સ્ત્રી પર અત્યાચાર થઈ રહ્યો હોય ત્યારે -ઓફિસમાં સેકસ્યુઅલ અબ્યુઝ, ઘરમાં ડોમેસ્ટિક વાયોલન્સ કે રસ્તા પર છેડતી. આ બધી સ્થિતિમાં બીજી સ્ત્રી પર અત્યાચાર થઈ રહ્યા હોય આ બધી સ્થિતિમાં બીજી સ્ત્રી એની મદદે આવવાનું ટાળે છે. આવું બધું અખબારો વાંચીને પાનાં પલટી નાખવાનું આપણને અનુકૂળ આવી ગયું છે. આજથી થોડાં વર્ષ પહેલાં ખૂન કે બળાત્કારના સમાચાર વાંચીને કમ સે કમ ઘરમાં કે કમ ઘરમાં કે ઓફિસમાં એની ચર્ચા થતી હતી. હવે તો એના વિશે પૂરી વિગત વાંચવાની પણ આપણી તૈયારી નથી.

ભારતનું ટેકસ્ચર (પોત) અથવા ફેબ્રિક ઈમોશનલ હતું. હૃદયથી વિચારતા લોકો વધુ દાવપેચમાં ઊતર્યા વિના એકબીજા સાથે જોડાઈ શકતા હતા. આજે બદલાતા જતા માહોલમાં જાણે કે લાંચ લેવી, કાયદો તોડવો, પોતાનાં પદ - પ્રતિષ્ઠાના જોરે ધાર્યું કરાવવું કે પછી સફળ થવા માટે શોર્ટ કટ લેવા એ ફેશન બની ગઈ છે. જે સફળ નથી એનું અસ્તિત્વ જ નથી એમ આજનું ભારત માને છે. જેની પાસે સત્તા, સફળતા કે સંપત્તિ છે એમની પાસે જિંદગીનાં તમામ સુખ છે એવું આજની અથવા આવતી કાલની પેઢી માટે સ્પષ્ટ છે.

ગણતંત્ર મુખ્યત્વે પ્રજાના ઈશારે ચાલતી સિસ્ટમ છે. કોઈ અને પોતાના હાથમાં લેવાનો પ્રયત્ન કરે તો પણ વિશ્વની સૌથી મોટી લોકશાહી એમ આસાનીથી કોઈની મુઠ્ઠીમાં સમાય તેમ નથી. એક લેખક તરીકે બદલાતાં મન અને માહોલ બન્ને સમજ્યા પછી મને લાગે છે કે આવનારી પેઢી કદાચ જુદી હશે. જેન્ડર બાયસ વગરની, પણ આ સ્થિતિ શહેરો પૂરતી મર્યાદિત છે. ગામડાંની સ્ત્રી અને શહેરની સ્ત્રી વચ્ચેનું અંતર


**ભુજમાં રહેવા ઉતરવા અને જમવા માટેનું સ્થળ**

**એકમ-ભવન**

**હોટેલ ઈલાર્ક પાછળ, સ્ટેશન રોડ, ભુજ-કચ્છ ફોન : 02832-225694**

**એસી તથા નોન એસી રૂમો મળશે.**

નવા રૂપ-રંગ સાથે રિનોવેશન કાર્ય પૂરું થયું છે.

એસ.ટી.બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન, એરપોર્ટ નજીકમાં જ છે. જમવાની અહીં સુંદર વ્યવસ્થા ઉપલબ્ધ છે. લગ્ન હોલ-ડાયનીંગ હોલ-તથા આકર્ષક રૂમો છે.

કચ્છ અને ભુજ આવતા ભાઈ બહેનોને એકમ ભવન ભુજ મધ્યે રહેવા-ઉતરવા-જમવાની વ્યવસ્થા મળશે.

**શ્રીકચ્છી દશાઓશવાળ જૈન કચ્છ એકમ**

**ભુજમાં જમવા માટેનું અજોડ સ્થળ**

**ખુશ્બુ ડાઈનીંગ હોલ**

એકમભવન, હોટેલ ઈલાર્ક પાછળ સ્ટેશન રોડ, ભુજ-કચ્છ. શુધ્ધ-સ્વચ્છ અને સ્વાદિષ્ટ ભોજન. છૂટક તેમજ માસિક જમાડશું.

ભુજ રેલ્વે સ્ટેશને ટ્રેન ઉપર લંચબોક્ષ પહોંચાડવામાં આવશે. પાર્ટીઓ-ગ્રુપ અને કચ્છ આવતા જૈન સંઘોનાં ઓર્ડર ઉપર ખાસ ધ્યાન આપવમાં આવશે.

**મયુર નાગડા - 09687703832**

**કેવલ નાગડા - 09722871768**

પેઢી - દર પેઢી વધતું જાય છે. ગામડાની સ્ત્રી ત્યાં જ ઊભી છે, જ્યાં આજથી પાંચ દાયકા પહેલાં ઊભી હતી. જ્યારે અર્બન સ્ત્રીએ દોટ મૂકી છે. ગામડાંની સ્ત્રીને હાથ પકડીને પોતાની સાથે લેવાનો પ્રયત્ન નહીં કરવામાં આવે તો પ્રગતિ, વિકાસ અને બદલાઈ રહેલાં ભવિષ્ય ફક્ત શહેર પૂરતાં મર્યાદિત રહી જશે.

એક સ્ત્રી તરીકે અને સર્જક તરીકે જુદું જુદું વિચારવું શક્ય નથી. મારામાંની સ્ત્રી અને લેખક બન્નને લાગે છે કે બદલાતા સમય સાથે આપણે આપની અપેક્ષાની માનસિક્તા બદલવી પડશે. ઉપેક્ષાને બદલે હવે સહેજ વધુ સાવધાન થવાનો સમય છે. પર્યાવરણથી શરૂ કરીને પ્રણય અને પરિણય સુધીનાં તમામ પરિબળમાં હવે નવો અને લોજિકલ અપ્રોચ ઉમેરવો પડશે. દરેક વખતે જો હૃદયથી વિચારીને નિર્ણય કરવામાં આવશે તો કદાચ આપણે નવી પેઢીના નિર્ણય વિશે સમજ કે સહમતિ નહીં કેળવી શકીએ.

અને આર્થિક રીતે સ્વતંત્ર સ્ત્રી પણ અંગ રીતે સ્વતંત્ર હોય એવું જરૂરી નથી. અર્બન સ્ત્રીનો સંઘર્ષ સ્વતંત્રતાની સામે સંવેદનાનો છે. એનું સ્ત્રીત્વ અને એની સ્વતંત્રતા સામસામે ટકરાય છે. સ્ત્રીએ પુરુષ સમોવડા થઈને જીવવાની દોટ મુકવાની જરૂર નથી. એણે સ્વયંને ઓળખીને સ્વયંના સ્ત્રીત્વનો ગૌરવ અપાવવાનું છે. ફેમિનિઝમની ખોટી વ્યાખ્યામાં ફેમિનિટી ગૂંચવાઈ રહી છે - ખોવાઈ રહી છે. સ્વતંત્રતાનો ખયાલ અર્બન સ્ત્રી માટે હરીફાઈ કે યુદ્ધ બનતો જાય છે. જ્યારે ગામડાંની સ્ત્રીનો સંઘર્ષ સ્ત્રીત્વની સ્વતંત્રતાનો છે. એક પાયાનો છે ને બીજો ટોચનો છે. ગામડાની સ્ત્રીને ખબર જ નથી કે ગણતંત્રે એને કયા અધિકારો આપ્યા છે. એને માટે તો પહેલાં અસ્તિત્વનો પ્રશ્ન છે ને પછી સ્વતંત્રતાનો. પિતા, પતિ, પુત્ર જેવાં પુરુષનાં સ્વરૂપની મરજી વિરુદ્ધ ગામડાંની સ્ત્રી વિચારી પણ શકતી નથી, વર્તવાની વાત ક્યાં રહી?

એનું મન ટેલિવિઝન કે સિનેમા જોઈને, વાતો સાંભળીને બીજી સ્ત્રીઓને જોઈને જાગ્યું છે, પણ મગજ હજી ઈચ્છાને હોઠ પર લાવી શકે એટલું સ્વાતંત્ર્ય નથી થયું.

સલામતિ એની સ્વતંત્રતાને આડે ઊભી છે... ફરજ એના ફ્રીડમને બાંધે છે. આર્થિક સ્વાતંત્ર્ય નથી ગામડાની સ્ત્રી પાસે એટલે જ કદાચ નિર્ણય કરવાની હિંમત કે આવડત પણ નથી. ગામડાંની સ્ત્રી પાસે એટલે જ કદાચ નિર્ણય કરવાની હિંમત કે આવડત પણ નથી. પોતાના પગ પર ઊભી થવાનો પ્રયત્ન કરે તો પણ સમાજ, સંકોચ, સલામતી, સમજ કે સંતાન જેવાં તત્વ એને ટટ્ટાર ઊભી થતાં પહેલાં જ તોડી નાખે છે.

ગઈ કાલ, આજ અને આવતી કાલ વચ્ચે સવાર, બપોર અને સાંજ જેટલો ફરક છે.

આમ જુઓ તો સૂર્યની સ્થિતિ જ બદલાય છે, પણ લાંબા - ટૂંકા થતા જતા પડછાયા આવનારી સાંજનો ભય લઈને ભારત પર ઊતરી રહ્યા છે. સવાર પડશે... દરેક રાત પછી પડે છે, પરંતુ રાત ઊતરી રહી છે એટલું સમજીને જો સમયસર દીવા નહીં કરીએ તો અંધારામાં અથડાવાનું આપણું ભાગ્ય કોઈ બીજું બદલવા નહીં આવે.

આવી સ્થિતિ - પરિસ્થિતિ વચ્ચે જરૂર છે તો એક સમજ ઊભી કરવાની.


Since 1984...
Lagna Deep
બી-૧૩, જલારામ આશિષ દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦ ૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઇડરી,
રીઅલ જરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટ કસબની સાડી બોર્ડર • પીટ્ટા તાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઇડલ ચણીયા ચોળી, ડીઝાઇનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા સારી કિંમતે લેવામાં આવશે.
Mob. : 7666688881

ગુરૂવાર બંધ

## જૈન જગત

## ડો. કુમારપાળ દેસાઈની વાણીમાં હેમચંદ્રાચાર્ય કથા

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા શ્રી ભગવાન મહાવીર જન્મ કલ્યાણક નિમિત્તે ડો. કુમારપાળ દેસાઈની જ્ઞાન સભર વાણીમાં શ્રી હેમચંદ્રાચાર્ય કથાનું આયોજન રવિવાર તા. ૨૯.૩.૧૫ ના સવારે ૧૦ વાગ્યે તથા ૩૦ અને ૩૧ મી માર્ચના સાંજે છ વાગ્યે ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ ખાતે કરવામાં આવ્યું છે. પ્રવેશપત્ર માટે ફોન નં. ૦૨૨ - ૨૩૮૨૨૦૯૬ પર સંઘનો સંપર્ક કરવા જણાવ્યું છે.

## જૈન સાહિત્ય જ્ઞાનસત્રમાં શ્રી વીરચંદ ગાંધી વિશે પાવર પોઈંટ રજુઆત

અર્હમ સ્પિરિચ્યુઅલ સેંટર સંકલિત સૌરાષ્ટ્ર કેસરી પ્રાણગુરુ જૈન ફિલોસીફકલ એન્ડ લિપ્સ્ટી રિસર્ચ સેંટર આયોજિત ભારતીય સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મુખપત્ર ‘‘જૈન પ્રકાશ’’ની શતાબ્દી નિમિત્તે શ્રી બૃહદ મુંબઈ સ્થાનકવાસી જૈન મહાસંઘ પ્રેરિત ‘‘જૈન સાહિત્ય જ્ઞાનસત્ર’’ શનવિાર તા. ૧૪.૨ અને રવિવાર તા. ૧૫.૨.૧૫ ના ઘાટકોપરના પૂર્વ વલ્લભબાગ લેનમાં પારસધામ ખાતે ડો. કુમારપાળ દેસાઈના પ્રમુખ સ્થાને યોજાશે.

સંર્જકની વિચાર સૃષ્ટિ અને ગુરુ મહિમા એવી સાહિત્યક બેઠકો ઉપરાંત આ દરમિયાન વિવેકાનંદ જે વખતે અમેરિકામાં યોજાયેલ વર્લ્ડ રીલીજીવન કોન્ફરન્સમાં પોતાનું હિંદુ ધર્મ વિશેનું ઐતિહાસિક પ્રવચન આપેલું તે વખતે જૈન ધર્મનું પ્રતિનિધિ કરનારા જૈન જ્યોતિર્ધર વીરચંદ રાઘવજી ગાંધીની ૧૫૦ મી જન્મ જંયતી નિમિત્તે તેમના જીવનકાર્ય વિશે પાવર પોઈંટ પ્રઝન્ટેશન રજૂ થશે.

દુનિયામાં ક્યાંય કશુંય બેલેન્સ વગર ટકતું નથી. અધિકાર અને ફરજ, સલામતી અને સ્વતંત્રતા, ઈચ્છા અને આવડત, શિક્ષણ અને સંસ્કાર, સત્તા અને સમજ, સંપ્તિ અને સદભાવ, સંસ્કૃતિ અને સુખ, વિચાર અને વિકાસ, વ્યવસ્થા અને વિજ્ઞાન જેવાં તત્વ બે પૈડાંની જેમ પેરેલલ - સમાંતરે ચાલે છે.

ગઈ કાલ કરતાં આજની દુનિયા ઝડપથી દોડે છે, આવનારી દુનિયા એથી વધુ ઝડપથી દોડવાની છે આ દેશનાં બે પૈડાં જો એકબીજા સાથે બેલેન્સમાં હશે તો કશુંય, ક્યાંય ખોટકાશે નહીં એમ માનીને આગળ વધવા માટે આ દેશને સગવડ અને સમજ આપવાની આજની પેઢીની જવાબદારી છે.

હું ગઈ કાલની પેઢીમાં હતી, આજની પેઢીમાં છું. આવતી કાલે નહીં હોઉં ત્યારે પણ મારા શબ્દ, મારી સંવેદના અને સલ્ફયુરિક એસિડ જેવો મારો મિજાજ હું આ દેશની પેઢીઓ માટે છોડી જઈશ.

આ દેશની આવતી કાલની દરેક સ્ત્રી હવે પુરુષાર્થ શબ્દનો સ્ત્રીવાચક બનાવીનો સ્ત્રીનું અસ્તિત્વ - સ્ત્રીઅર્થ શોધવાનો પ્રયત્ન કરે એ વધુ ઈચ્છનીય જ છેને?

***- કાજલ ઓઝા વૈદ્ય,***
***ચિત્રલેખા આલ્ફા વુમન વિશેષાંકમાંથી સાભાર***

## ત્રિમાસિક શ્રદ્ધાંજલિ



બાંઢીયા - ઐરોલી

અરિહંત શરણ : ૧.૧૧.૧૪

**હીરાચંદ અરજણ કાનજી પટેલ**

**એ ગૌરવશીલ ચહેરો**
**નજરથી દૂર થાતો નથી**
**જિંદા દિલ સ્નેહી સ્વજન**
**કાળથીય વિસરાતા નથી.**

**શા. કલ્યાણજી મુલજી કાનજી**
**લોડાયા પરિવાર**

**શા. દામજી મુલજી કાનજી**
**લોડાયા પરિવાર**




## નજીકના તિર્થોની યાત્રા યોજી
## આત્મીયતા વધારીએ

શ્રીકુલપાકજી તીર્થ સંઘ, કાચીગુડા, હૈદરાબાદના ઊપક્રમે દર મહિનાના પહેલા રવિવારે શ્રી કુલપાકજી તીર્થ યાત્રામાં એક બસની વ્યવસ્થા છે. ઉપરોક્ત પ્રવૃતિ વર્ષ ૨૦૦૬ થી શુરૂ કરેલ છે. જાનેવારી ૨૦૧૪ થી દર મહીનાના ત્રીજા રવિવારે કાચીગુડાથી શ્રી ત્રિભુવન પાર્શ્વનાથ જિનાલય મડેચલ તીર્થ યાત્રા માટે એક બસની વ્યવસ્થા શુરૂ કરેલ છે. આ ઉપરોક્ત આયોજનને સારા જેવો પ્રતિસાદ સાંપડી રહ્યો છે. આઠ આઠ દિવસ અગાઉ સંપૂર્ણ બસ બુક જાય છે. બાર - બાર મહિના વહેલા બસના લાભાર્થી થઈ જાય છે. શ્રી કુલપાકજી તીર્થ યાત્રા માટે તો કાયમી સંઘપતિ પણ પ્રવૃ થઈ ગયા છે. સાથે - સાથે અનેક ધાર્મિક તથા સેવાકાર્યની પ્રવૃતિઓ રૂપે ચાલી રહી છે.

એની અનુસંધાનમાં હું સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતી મહાજનોને અપીલ કરવા માગું છું કે આપશ્રી આપના શહેરની નજદીક તીર્થ ક્ષેત્રની તીર્થ યાત્રા નિયમીત શુરૂ કરો. સુરવાતમાં ધાર્મિક પ્રવૃતિરૂપે તથા ધીરે - ધીરે સામાજીક પ્રવૃત્તિઓ સુંદર રીતે શુરું કરી શકો છો. આજની પરિસ્થિતીમાં સંગા બે કલાક સાથે બેસીને વિચાર વિમર્શ કરી શક્યા નથી આવી પરિસ્થિતિમાં મહેમાનો એકજ રવિવાર ફાળવી યાત્રા સાથે દસબાર કલાકનો સહવાસ થઈ શકે છે તથા અવનવી પ્રવૃતિઓ શુરૂ થઈ શકે છે.

આજ શુભ ફંડ માં ગરીબ ભોજન, ગૌ સેવા, ધાર્મિક પાઠશાલાઓને પ્રોત્સાહન નિશુલ્ક વાંચનાલાય જેવી સુંદર - સુંદર પ્રવૃતિઓ સફલતા પૂર્વક કરી રહ્યા છીએ. પારદર્શીતા કાર્યને સામેથી લાભાર્થી મળી જાય છે. ફંડ માટે ક્યારે પણ જોર જબરદસ્તી કરી શરમાવી ચડસા ચડસીમાં ફંડ ઊભો કરવાની જરૂરત પડતી નથી માટે જરરથી સર્વે મહાજનો આ બાબત વિચારશો તથા મુર્ત સ્વરૂપનો નિર્ણય લેશો

***- હંસકુમાર રાયચંદ સાંયલા, હૈદરાબાદ***


॥ શ્રી ભલારા દાદાય નમઃ ॥

**શ્રી ભલારાદાદા ટ્રસ્ટ - લાલપુર**

દ્વારા આયોજીત

**શ્રી ભલારાદાદાની મુંબઈમાં '૨૭મી સમુહ પહેડી'**

ચૈત્ર સુદ ૧ ગુડી પડવાના શુભ દિવસે **તા.૨૧-૩-૨૦૧૫ શનિવાર** સાંજ ૪ થી ૧૦ કલાકે દાદાની પહેડીનું આયોજન કરવામાં આવેલ છે.

**પહેડીનો સ્થળ : કાલિદાસ ઓપન ગ્રાઉન્ડ, મુલુંડ**

શ્રી ભલારાદાદાની મુંબઈમાં (**સમુહ પહેડીના સહયોગી દાતા બનવા માટે રૂા.૧૨૫૦૦૦/-** ) નકરો રાખેલ છે ૨૭મી પહેડી **દાતાશ્રી** આવકાર્ય છે. આસરે ૫૦૦૦ થી ૫૫૦૦ ભાવીકો દાદાના આર્શીવાદ લેવા પધારે છે. દાતા બનવા ભાગ્યશાળી ભાવિકોએ **વહેલો તે પહેલાના ધોરણે** નામ લખાવવા વિનંતી.

**સંપર્ક : પંકજ પદમશી ખોના (૯૩૨૩૮૬૬૩૩૪) વિરચંદ નરશી લોડાયા (૯૫૯૪૬૦૦૯૦૦)**
**દિનેશભાઈ (બુવા) (૯૮૬૭૧૩૯૪૨૧)**

**લાલપુર સ્થાનકે ધ્વજા મહોત્સવ**

શ્રી ભલારાદાદાની અસીમ કૃપાથી અને દાતાશ્રીઓ તેમજ ભાવિકોના ઉદાર સહયોગથી દાદાના મૂળસ્થાનક શ્રી લાલપુર ગામે ચૈત્ર સુદ ૧૩-૧૪ અને પૂનમ **તા.૨,૩,૪ એપ્રિલ ૨૦૧૫ના ત્રાન્હિકા મહોત્સવ**નું આયોજન છે. આ ધ્વજા મહોત્સવ પ્રસંગે દરરોજ આરતી, ભક્તિભાવના અને દાદાનો પાઠ રહેશે અને રાત્રે મહાઆરતી દીવડા રહેશે. આ મહોત્સવ પ્રસંગે સર્વે ભાવિકોને લાલપુર પધારવા આમંત્રણ છે.

**લી. શ્રી ભલારાદાદા ટ્રસ્ટ - લાલપુર વતીથી સર્વે ટ્રસ્ટીઓ**

**શ્રી ભલારાદાદા આપની મનોકામના પૂર્ણ કરે**

**તંત્રી નોંધ :**

ડો. મંજુષા રાજેન્દ્ર કુરવા ભાંડુપ - મુલુંડ ક્ષેત્રના જાણીતા સ્કીન સ્પેશિયાલીસ્ટ છે.

તેઓ તેમના હાર્ટ સ્પેશિયાલીસ્ટ જીવનસાથી ડો. રોજેન્દ્ર મણિલાલ કુરવાની હોસ્પિટલના સંચાલનમાં પણ મુખ્ય ભૂમિકા ભજવે છે.

આ દંપતિએ શ્રી ક.દ.ઓ. સર્વોદય મંડળ મુલુંડને સ્પર્ધામાં ભાગ લેનારાઓ શારીરિક રીતે સક્ષમ છે તેની તપાસ કરાવી આપવામાં મુખ્ય ભૂમિકા ભજ્વી હતી.

ડો. મંજુષા પોતાના પિયરપક્ષો ધાર્મિક - સામાજિક આગેવાન મારવાડી દિગંબર જૈન કુટુંબમાંથી આવે છે અને ગળથુથીમાં જ સામાજિક કામ કરવાની રુચિ પામ્યા છે.

તેમને નાત બહારના આવા આયોજનોને પણ ખ્યાલ હોવાથી તેમણે કરેલ મેળાવાનું વિહંગાવલોકન વિશેષ મહત્વ ધરાવે છે.

## “Mulund KDO Medao”

Great people do not do different things, they do things differently. Along the path they move thousands of minds ahead to fulfil the dream, passion and achieve the unbelievable.

Most great men are humble & simple. They are simply best. Time and again we experience this. They may follow or take good ideas from others, but take them to the great heights.

Around six months back the long lingering thought of “Medao” inspired by “Bherpo” got conceptualised. The force came in action around four months back. Then there was no looking back. The minds, brains and bodies worked relentlessly to produce something beyond imagination. The young & old, men & women, co-ordinators & participants, sponsors & conveners had put their heart & souls to make possible the unbelievable first of its kinds event “Medao”

The beautiful journey was kick-started with visionary items list, formation of zonal groups and age groups. The enthusiastic KDOs poured in numbers as usual & geared up to show their skills to have gotten such an unusual platform.

The inaugural colourful marathon raised up all the roars and gave an idea of the level of lined up events. The parade and race was beyond expectations.

Dabang Dasha, Yellow Ninjas, Red Warriors and Leela Rangilas put their abilities, skills, showmanship and hard work to entertain & involve everyone around.

They portrayed true amalgamation of modernization & culture, awed the audience with enthralling performances, may it be dance, aquatics, ground events or mental abilities. Not to forget the awesome cookery event.

What a fantastic show of unmatched venue, superb arrangements, perfect coordination, skilful organization, entrepreneurship, huge vision & foresight by the organisers.

All this we owe to a humble, simple man of great values and vision, “Shri Manikant Dhulla sir & his efficient, power packed team. One can’t stop mentioning the wonder girl Mrs Viraj Dhulla for her superb anchoring, her oratory skills, calmness and composed mind. More you hear her, its “Dil Mange More”.

It was indeed a great show of hidden talents, sky high enthusiasm, spectacular breath-taking performances. The entire Mulund KDOs were engrossed and involved in the event so much so that there was a sudden feeling of emptiness once it was over.

All those 10 days the fortunate Mulund KDOs witnessed something beyond imagination, like a mini Olympics and etched on their hearts to tell the tales of this extravaganza through generations.

It was like a multicast blockbuster “Welcome” where all the lead actors are perfect fit for their roles. It’s difficult to decide who’s the best Anil Kapoor, Paresh Rawal, Nana Patekar or Akshay Kumar....... Altogether it’s “Welcome”. Welcome brings smile on every face.

***- Dr. Manjusha Rajendra Kuruwa***

## વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન સ્કુલ ઓફ બિઝનેસ અને BSE IPF દ્વારા 'આધ્યાત્મિક ચિંતન થી વૈભવ વૃધ્ધિ ' વિષય પર પરિષદનું આયોજન



વર્લ્ડ જૈન કૉન્ફેડરેશન સ્કુલ ઓફ બિઝનેસ અને BSE IPF 'આધ્યાત્મિક ચિંતનથી વૈભવ વૃધ્ધિ' વિષય પર સાર્થક તાત્વિક પરિષદનું આયોજન ૧૬મી જાન્યુઆરી ૨૦૧૫ ના BSE ઈન્ટરનેશન હૉલમાં કન્વેનશન હૉલમાં કરવામાં આવેલ હતું. શ્રી એચ. એસ. રાંકા, ચેરમેન - WJC, એ સ્વાગત કર્યું. શ્રી એન.પી.જૈન, પ્રમુખ-WJC, એ કાર્યક્રમની રૂપરેખા આપી.

શ્રી નેહલ વોરા, ચીફ રેગ્યુલેટરી ઓફિસર, BSE એ વૈભવ વૃધ્ધિમાં સ્વ વિકાસની સાથે પર ના વિકાસનું પણ ધ્યાન રાખવામાં આવે તો ખરી લક્ષ્મીનો સદુપયોગ થઈ શકે છે. એ વાત પર ભાર મૂક્યો.

એનામ સિક્યોરિટીના શ્રી વલ્લભભાઈ ભંસાલી એ કહ્યું કે, જૈન દર્શનના સિધ્ધાંત અહિંસા, અપરિગ્રહ અને અનેકાંતને જીવનમાં અપનાવીને પણ વૈભવ વૃધ્ધિના નવો માર્ગ મેળવી શકીએ છીએ.

પ્રોફેસર ડૉ.દિપક જૈને, જણાવ્યું કે પ્રાચીન વ્યાપાર વ્યવસ્થામાં શક્તિનો ઉપયોગ કરવામાં આવતો હતો પણ વર્તમાનમાં આપણે માનવીય મૂલ્યોને જીવનમાં અપનાવી આપણા સહયોગિઓની દક્ષતાનો સુંદર વિકાસ કરી, એમના વિચારોને પણ વ્યાપાર મેનેજમેન્ટમાં ઉપયોગ કરી સંતુલિત, સાર્થક અને ઉચ્ચકોટીનો વિકાસ કરી શકીએ છીએ. સર્વ જન સુ:ખાય, સર્વ જમ હિતાયની નીતિનું પાલન કરી જીવનમાં અપૂર્વ શાંતિ સાથે વિકાસના માર્ગ પર ચાલી શકીએ છીએ.

મુખ્ય અતિથિ ડૉ.સત્યનારાયણ જાટિયા, ભૂતપૂર્વ કેદ્રિય મંત્રી અને વર્તમાન માનવ સંસાધન વિકાસ સમિતિના અધ્યક્ષ દ્વારા સ્મારિકાનું વિમોચન કરવામાં આવ્યું. શ્રી જીતેન્દ્ર કોઠારી, સેક્રેટરી જનરલ - WJC, એ આભાર વ્યક્ત કર્યો.

કાર્યક્રમનું સંચાલન શ્રીમતી સ્વાનુભૂતિ જૈન અને ડૉ.જયેશ વીરા દ્વારા કરવામાં આવ્યું. શ્રી વિમલચંદ કોઠારીનો સહયોગ પ્રસંશનીય રહ્યો.


MYG Dream. Dare. Deliver. Mulund Youngsters Group

મુલુંડ યંગસ્ટર્સ ગ્રુપ અને અનંતછાયા યંગસ્ટર્સ આયોજીત

**KDO Box Premier League (KBPL)**

# જોય મહાવીર કપ ૨૦૧૫

ANANT CHHAYA YOUNGSTERS

KDO સમાજના યુવાનો માટે તા. ૮.૨.૨૦૧૫ ના રોજ ૩૬૦ અંડરઆર્મ ડે એન્ડ નાઈટ ક્રિકેટ ટુનામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે.
